zazi.com



'કેમ લાગે છે, તને ?' ખાખી ગણવેશના ડગલાનાં બટન કાઢતાં કાઢતાં કાશી સામે જોઈને પૂછ્યું. કાશી ગંભીર હતી. આજ સવાર સુધી તો ડોશીને ઠીક હતું. પણ બપોર પછી જે અણધાર્યો સન્નિપાત આવ્યો, ત્યારથી જમનાબા બિલકુલ નંખાઈ ગયાં. વારે-વારે ખેંચ આવવી શરૂ થઈ ગઈ. ત્રણેક દિવસથી મો-હ-ન... મો-હ-નનું રટણ ચાલુ હતું. સવારના જ જમનાબાએ કાશીને પૂછ્યું હતું.

'મોહનનો કાગળબાગળ આવ્યો કે ?'

કાશી બોલી નહિ એટલે ડોશી એનો અર્થ સમજી ગઈ હોય, એમ મૂંગીમંતર થઈ ગઈ. વારેઘડીએ આંખો કાઢીકાઢીને કંઈક શોધી રહી હોય એમ લાગ્યા કરે. કાશીએ બપોરના દૂધનો કપ લાવીને આપ્યો, એ પણ એણે આઘો હડસેલી દીધો. કાશીનું અંતર જમનાબાનો વલોપાત જોઈને દ્રવી ઊઠ્યું. એનો દિયર મોહન આજે આંખો સામે હોત તો ! અરે, કાગળની એકાદ ચબરખી પણ અમને જોવા મળી હોત તો !

કાશી વાસણચોકડી પતાવીને જમનાબા પાસે બપોરથી બેઠી હતી. બાજુમાં રહેતા પરસનબહેને તો એક વાર કહી પણ દીધું.

'કાશી, તારે કેશવને બોલાવવો હોય તો બોલાવી લે. આ ડોશી ક્યારે ઢળી પડશે એનું કંઈ કહેવાય નહિ...'

કાશીની આંખોમાંથી બોરબોર આંસુ સરી પડ્યાં હતાં. જેની છત્રછાયામાં વીસવીસ વર્ષો પાણીના રેલાની જેમ પસાર થઈ ગયાં હતાં, એ જમનાબા નહિ હોય ત્યારે પોતે કેમ કરીને દહાડા કાઢશે, એની કલ્પના જ એ કરી શકતી નો'તી. એક ક્ષણ તો પરસનબહેનને ઘરની બહાર કાઢી મૂકવાનું મન થયું હતું. પણ એ લાચાર હતી. પાડોશનાં બીજાં બૈરાં ગુસપુસ કરી રહ્યાં હતાં, ત્યારે કાશીના કલેજા પર જાણે કરવત ફરતી હતી. હમણાં થોડી વાર પહેલાં જ કેશવ આવીને ગયો હતો... ત્યારે જમનાબા શાંત પડ્યાં હતાં... અચાનક જ જોરજોરથી ખેંચ આવવી શરૂ થઈ ગઈ હતી ને કાશી ગભરાઈ ગઈ હતી. કેશવ ઘેર આવ્યો, ત્યારે જ એના જીવમાં જીવ આવ્યો.

'બોલતી કેમ નથી ? ચૂપ કેમ છે ?' ફરી એક વાર કપડાં બદલતાં કેશવે પૂછ્યું.

આજે તો નળિયા ગામની વસ્તી વધીને દોઢી થઈ ચૂકી હતી. કચ્છના સીમાડા સંભાળવા માટે ફોજનો વધારો થતો ગયો ને લોકોની વસ્તી આ ગામમાં વધતી ચાલી. ઉગમણી દિશાએ મોટું તળાવ હતું. એની બાજુમાં ઘણા બધા મોટા વડલાઓની હારમાળા હતી. નાનું એવું ગામ હતું, છતાંય રોનક સારી હતી. ધૂળિયું ગામ હતું, છતાં લોકોનાં હૈયાં ધૂળ જેવાં મલિન નો'તાં. આ જ ગામમાં કેશવ ભણીને મોટો થયો હતો. છાપરાવાળા ઓરડામાંથી, હવે એ મંદિરના છેવાડે આવેલા ઈંટવાળા મકાનમાં રહેવા આવ્યો હતો. કેશવની માનો આમાં મોટો હિસ્સો હતો. માની મમતા ને વાત્સલ્યથી એનો ઉછેર થયો હતો. છેલ્લા થોડા દિવસથી જમનાબાની તબિયત લથડી હતી, એટલે કેશવ ચિંતાતુર રહેતો.

એ દિવસે કેશવ નોકરીએથી છૂટીને ઘેર આવ્યો ત્યારે જમનાબા છેલ્લા શ્વાસ લઈ રહ્યાં હતાં. નાડીના ધબકારા વધી રહ્યા હતા. થોડીથોડી વારે હાથપગની નસો ખેંચાતાં, હતું એટલું બળ કરીને એમનું શરીર ઊછળતું હતું. નિસ્તેજ આંખોની ક્ષીણ નજર આમતેમ ચકળવકળ ઘૂમતી. ઘૂમતી દીવાલ સાથે સ્થિર થઈ જતી હતી. કાશીનો પ્રેમાળ હાથ, એમના હાથપગ દાબી રહ્યો હતો. કેશવનો દીકરો સંજય મૂંગે મોંએ એક ખૂણામાં ઊભો હતો. એના ચહેરા પર ઉદાસી છવાઈ ગઈ હતી. જમનાબાની આજુબાજુ પાડોશની સ્ત્રીઓ વીંટળાઈ વળી હતી. કેશવે બહારના રૂમમાંથી અંદર ડોકિયું કર્યું. કાશીએ માથા પરથી સરી પડેલો પાલવ ઠીક કર્યો. ધીરે ધીરે કેશવ જમનાબાના ખાટલા નજીક ગયો. આંખો મીંચીને જમનાબા શાંત પડ્યાં હતાં. કંઈપણ બોલ્યાચાલ્યા વિના કેશવ તત્કાળ બહારની રૂમમાં આવી ગયો. ધીરે રહીને કાશી પણ બહાર આવી ગઈ.

'હું શું બોલું ?' કહેતાં કાશીનો સ્વર ભારે થઈ ગયો. આંખોમાં પાણી ધસી આવ્યાં. રડમસ ચહેરે ને ભારે અવાજે બોલી, 'તમે ગયા ને તુરત ખેંચ આવવી શરૂ થઈ. માંડ આજની રાત કાઢશે એમ બધાંનું કહેવું છે.'

'મોહનના કંઈ સમાચાર છે ?'

'ના.'

'બા એના માટે કંઈ કહેતાં હતાં ?'

'હા... મોહનના નામની તો જાણે એ માળા જપે છે. મને તો એ જ સમજાતું નથી કે આટઆટલા કાગળ લખવા છતાં મોહનભાઈએ જવાબ કેમ ન આપ્યો ?'

'ત્યાં એને કામ ઘણું રહેતું હશે... જોતી નથી... છેલ્લા પત્રમાં એણે ઈશારો નો'તો કર્યો... મેજર બનવાનો...'

'તો તો એ સા'બ બની ગયા હશે...'

'એમ પણ બને. હમણાં છાપામાંય તું નથી વાંચતી, સરહદ પર તંગદિલી વધતી જાય છે.'

'અમે એમ પણ મોહનભાઈને માથે મોત હંમેશા તોળાતું રહેવાનું... બળી એવી નોકરી... એના કરતાં એમને અહીં જ બોલાવી લો ને !'

કેશવ કાશીની આ બાળસહજ વાતોથી હસી પડ્યો. આટલી ગંભીરતામાં કેશવ કેમ હસી પડ્યો એ કાશીથી કળી શકાયું નહિ.

અચાનક જ અંદર જમનાબાને ઉપરાછાપરી ખેંચ આવવી શરૂ થઈ. પરસનબહેને 'કાશી'ના નામની રાડ પાડી એટલે બન્ને દોડતાં અંદર ગયાં. જમનાબાની છાતી શ્વાસને લીધે ધમણની જેમ હાંફતી હતી. મોંએ ફીણ વળતાં હતાં. કેશવે બે હાથ ઝાલી રાખ્યા. થોડી વારે ડોશી શાંત થઈ એટલે કેશવ બહારની રૂમમાં આવી ગયો.

સામે ટેબલ પર ટપાલનો થોકડો પડેલો જોઈને થોડી ક્ષણો એ ચિંતાતુર બન્યો. દસદસ વર્ષથી પોસ્ટમેનની નોકરીમાં આજે એ પહેલી જ વાર પોસ્ટમાસ્તર આગળ જૂઠું બોલ્યો હતો. એનું એને ભારે દુઃખ થયું હતું. આમ તો એના સહકાર્યકરો કોઈકોઈ વાર માંદગી ન હોય ત્યારે ડૉક્ટરનું સર્ટિફિકેટ રજૂ કરીને રજા ભોગવી લેતા, પણ કેશવને

હતું. ટપાલ આ રીતે વહેંચણી વગર – પોસ્ટ માસ્તરની જાણ વગર – ઘેર રાખીને એ કાયદાનું ઉલ્લંઘન કરી રહ્યો હતો. એની એને પૂરી જાણ હતી, પણ માની માંદગી જોઈને એનું મન દ્રવી ઊઠ્યું હતું. જિંદગીમાં કદીયે નહિ કરેલ એવું અપ્રામાણિક કૃત્ય એનાથી થઈ ગયું હતું; એટલે એનો અંતરાત્મા ડંખતો હતો. એ ડંખની વેદના અનુભવતો, એ ઘેર પહોંચ્યો, ત્યારે જમનાબા છેલ્લા શ્વાસ લઈ રહ્યાં હતાં.

અચાનક ફરી વાર જમનાબાને ઉપરાછાપરી ખેંચ આવવી શરૂ થઈ. ડૉક્ટરને બોલાવવાની જરૂરત ઊભી થતાં બાજુમાં રહેતો કિશન ડૉક્ટરને બોલાવવા દોડ્યો. થોડી વારે ડૉક્ટર આવ્યા. નાડી તપાસી... બ્લડપ્રેસર માપ્યું... ઈંજેક્શન આપીને કેશવને કહ્યું,

'ઘેનની આ ગોળી આપશો એટલે રાતના ઊંઘી જશે. બે દિવસ નીકળી જશે... તો તો... ડોશી જરૂર ઊગરી જશે.'

ડૉક્ટરનું બયાન સાંભળતાં જ કેશવ ડઘાઈ ગયો. એણે દિલ કઠણ રાખ્યું... પણ બાજુમાં ઊભેલી કાશીએ ડૉક્ટરના શબ્દો સાંભળ્યા ને એનાથી ડૂસકો મુકાઈ ગયો. બાજુવાળા પરસનબહેન કાશીનો હાથ ઝાલીને બાજુના રૂમમાં લઈ ગયાં.

રાત પડી... વાળુ કરવાની ઈચ્છા નો'તી. છતાં પરાણે પાડોશીઓએ હાથ ઝાલીને કેશવને જમવા બેસાડ્યો.

કેશવની આંખો સામે વારેવારે માનું મોં દેખા દેતું ને એની આંખોમાં ઝળઝળિયાં આવી જતાં. આ જ માએ પેટે પાટા બાંધીને એને ભણાવ્યો હતો. ઠેબાં ખાતા કેશવને નોકરીએ જતો કર્યો હતો. પરણાવ્યો હતો... એ જ મા કાની દુનિયા છોડીને ચાલી જશે. પછી એનું કોણ ? એને સલાહ દેનારું કોણ હશે ?

જમનાબા કાશી માટે પણ ટેકણલાકડી હતાં. એમનાથી કામ થતું નહિ પણ એમની સલાહ કાશીને ઘણી ઉપયોગી નીવડતી. જમનાબાને પૂછ્યા વિના એ એક ડગલું આગળ ભરતી નહિ. આમ જમનાબાની ગેરહાજરીમાં પોતાનું શું થશે. એ ખ્યાલે જ કાશી ગળગળી થઈ જતી.

'સંજયને તું સુવાડ. હમણાં હું બા પાસે બેઠો છું.' કેશવે માના પગ દાબતાં દાબતાં કહ્યું.

એ સમયે થતું, 'માણસની નીતિ આટલી બગડતી કેમ હશે ?'

છતાંય આજે ન બનવા જેવું એની જિંદગીમાં બની ગયું હતું.

સવારથી જ ઉદાસચિત્તે એ કામમાં પરોવાયો.

સવારની ટપાલની ડિલિવરી કર્યા પછી એણે સાથે લાવેલું ભાતું ખોલીને ખાધું. ખાતાંખાતાં વારેઘડીએ જમનાબાનો ચહેરો દૃષ્ટિપાત થતો. ઝટપટ એણે જમવાનું પૂરું કર્યું. સવારના કામ પર જવા નીકળ્યો ત્યારે જમનાબાનું શરીર ઠીક તો નહોતું જ... છેલ્લા ચારેક દિવસથી તો તબિયત વધુ વણસી હતી. કેશવ જવું કે ન જવુંની દ્વિધામાં જ હતો, ત્યાં જ જમનાબા બોલેલાં,

'કેશવ, તું તારે નોકરી પર જા. મારી ચિંતા ન કર. જરૂર પડ્યે તને બોલાવી લઈશું. આમેય મને સારું લાગે છે આજે...' જોકે આટલું બોલતાં પણ એ હાંફી ગયાં હતાં. કેશવે મોં આડો હાથ ધરીને એમને આગળ બોલતાં અટકાવી દીધાં હતાં.

કેશવે જમતાં જમતાં એકાએક જ કંઈક વિચાર કરી નાખ્યો. ડિલિવરીનો થેલો લઈને બહાર નીકળ્યો. ઘરેઘરે ફરીને ટપાલની વહેંચણી કરતો હતો પણ આજે કામકાજમાં ચિત્ત ચોંટતું નો'તું. રહીરહીને મન જમનાબામાં અટવાતું હતું. એકાએક એ ડિલિવરી માટે એના ફળિયા નજીક આવી પહોંચ્યો. એનું અધીરું મન એને ઘર તરફ દોરી ગયું. જમનાબા એ સમયે શાંત થઈને સૂતાં હતાં. કોઈ દિવસ નહિ ને એ દિવસે ખાખી થેલામાંથી બાકી રહી ગયેલો ટપાલનો થોકડો કાઢીને ટેબલ પર મૂકી દીધો. કાશી સાથે વાતચીત કરીને એ પોસ્ટઓફિસે પહોંચ્યો.

થેલો સમયસર પહોંચાડ્યાની રજિસ્ટરમાં સહી કરી. પોસ્ટ-માસ્તર શિવુભાઈનું એ તરફ ધ્યાન જતાં જ બોલી ઊઠ્યા,

'કેશવ, આજે બહુ જલદી કામ પતાવ્યું કંઈ ?'

'હા, સાહેબ... કામમાં જરા ઝડપ કરી ને કામ પૂરું કર્યું. ઘેર મા માંદી છે...'

શિવુભાઈની રજા લઈને એ ઘર તરફ જવા નીકળ્યો. રસ્તામાં વિચારો એનો કેડો છોડતા નો'તા. કોઈ દિવસ નહિ ને આજે એનાથી એવું અઘટિત કાર્ય થઈ ગયું હતું – જે એના જીવને બેચેન બનાવતું

'તમે આખા દિવસના થાકી ગયા હશો – તમે આરામ કરો – હું જ બા પાસે બેસું છું...'

રકઝક ઠીકઠીક થઈ, પણ આખરે કાશીએ ઊઠવું જ પડ્યું. સંજયને સુવાડતાં સુવાડતાં એની આંખો મીંચાઈ ગઈ.

મધરાતે એકાએક જ કંઈક અવાજ આવતાં એની આંખો ખૂલી ગઈ. ઉંદરે કોઈ વાસણ નીચે ગબડાવ્યું હતું ને એના અવાજથી એ જાગી ગઈ હતી.

સજાગ થતાં જ એ બાના ખાટલા પાસે આવી. કેશવ મૂંગો-મૂંગો અર્ધી ઊંઘમાં મા સામું જોતાં બેસી રહ્યો હતો.

'લો ઊઠો હવે... આરામ કરો તમે... મૂઈ, હુંય કેવી કે આટલી ઊંઘ આવી ગઈ ! મને જગાડવી તો હતી ??'

કેશવ પ્રેમથી કાશીની સામે જોઈ રહ્યો. એના સ્નેહભર્યા શબ્દોમાં કેટલી લાગણી નીતરતી હતી !

રાતના બે વાગી ચૂક્યા હતા. એ અંદરના રૂમમાં આવ્યો ને ખાટલામાં પડ્યો. આંખોમાં ઘેન હતું પણ ઊંઘવાનું મન નો'તું થતું. ભગવાનનું નામ લીધું. રામનામનું રટણ ચાલુ કર્યું. નાઈટ-લેમ્પના ભૂખરા પ્રકાશમાં ટેબલ પર પડેલો ટપાલનો થોકડો એની આંખો સામે જાણે નાચતો હતો. આંખોમાં ઊંઘ ધીરેધીરે ઘેરાતી હતી અને અચાનક...

ટેબલ પરની ટપાલ ધીરેધીરે જાણે વજન વગરની બનીને હવામાં ઊડવા લાગી. ઘડીભરને માટે કેશવનો જીવ ગૂંગળાયો. ટપાલનું અવિરત નૃત્ય જોતાં એના આખા શરીરે પસીનો પસીનો વળી ગયો.

'ઉઠાવ મને અહીંથી... લઈ જા મારા પ્રેમી પાસે... લઈ જા મારી બહેન પાસે... લઈ જા મારા મિત્ર પાસે... લઈ જા... લઈ જા... મારી માંદી મા મારી રાહ જુએ છે...' ટપાલ આવી આવીને કેશવના કાનોમાં ગુંજતી હતી. કેશવથી આ બધો ગણગણાટ સહન થયો નહિ. એણે બેઉ હાથ કાનો પર ઢાંકી દીધા.

પણ હજીય ટપાલ એનો કેડો છોડતી નો'તી. એક પરબીડિયું ઊડીને એની આંખો સામે ખુન્નસભરી આંખો કરીને ઊભું રહ્યું.

'મારી મા જિંદગીના છેલ્લા શ્વાસ ગણી રહી છે... યુદ્ધને મોરચેથી આ પત્ર લખું છું... આ કાગળ વગર મારી મા મરશે નહિ... ઊઠ... જલદી ઊઠ... મને પહોંચાડ...'

કેશવનું અંગેઅંગ ધ્રૂજી ગયું. સવારના છ વાગે એની આંખો ખૂલી ગઈ. આંખો ખૂલતાં જ રાતના દીઠેલાં દશ્યોથી એક વાર એ ફરીથી ધ્રૂજી ઊઠ્યો. શરીર તાવથી ધગધગતું હતું. ખાટલામાંથી ઊઠવા પ્રયત્ન કર્યો પણ શરીર આખું કંપતું હતું. હિંમત કરીને એ બેઠો થયો. અંગ પર વર્ષો જૂનો એણે ખાખી ગણવેશ નાખ્યો. ટેબલ પર પડેલો કાગળનો થોકડો હાથમાં લઈને એ બા નજીક ગયો. બા સૂતાં હતાં. કાશી ખુરશી પર બેઠીબેઠી ઝોલાં ખાતી હતી. થોડી ક્ષણો એ એમ જ ઊભો રહ્યો. તાવના ઘેનમાં એના પગ ભારે બની ચૂક્યા હતા.

હિંમત એકઠી કરીને એ બહાર નીકળ્યો. સવારના છ વાગે ટપાલની વહેંચણી થતી જોઈ લોકોને આશ્ચર્ય થયું. કોઈ પૂછતું તો કેશવ જવાબ આપ્યા વિના આગળ ચાલ્યો જતો.

અચાનક જ યુદ્ધના મેદાનમાંથી લખેલું પરબીડિયું તેના હાથમાં આવ્યું. ડિલિવરી દેવા એ ઘર સુધી પહોંચ્યો ત્યાં જ એના કાન ફાડી નાખે એવો રડવાનો અવાજ સંભળાયો.

'કોનો કાગળ છે ?'

'મે-ના-બહે-ન-નો...'

ઝટપટ પેલા ભાઈએ કાગળ લીધો ને વાંચ્યો.

'છેલ્લોછેલ્લો સતીશનો પત્ર આવ્યો. ગઈ કાલે આવ્યો હોત તો... સતીશને છેલ્લી ઘડી લગી યાદ કર્યો હતો... મે-ના-બહે-ને...'

કેશવનાં મનમસ્તક જૂઠાં પડી ગયાં. એનામાંથી ચેતના જાણે મરી પરવારી... એ જડ જેવો થઈ ગયો... ઉતાવળે એ ઘેર પહોંચવા મથી રહ્યો.

ઘેર પહોંચતાં જ એ થાકી ગયો. અચાનક જ એને ચક્કર આવવા લાગ્યા. તે ઘરઆંગણે જ ઢળી પડ્યો.

એ સમયે કાશીનો 'ઓ મારી મા રે...'નો વલોપાત વાતાવરણમાં કંપારી ફેલાવતો હતો.